॥ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ॥

**‘ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ’**

પ્રિય વિદ્યાર્થીઓ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિવારના તમામ સદસ્ય વતી આપ સૌને હૃદયપૂર્વકની શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પુણ્યસ્મૃતિમાં ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ઈ.સ. 1994માં યુજીસી અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા પ્રાપ્ત આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. આ યુનિવર્સિટીમાં આજ દિન સુધી ઘણાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી છે. વિવિધ વિષયના વિવિધ અભ્યાસક્રમ પૂર્ણ કરી વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રમાં પોતાની ઉજ્જવળ કારકિર્દીની તકો પ્રાપ્ત કરી છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગ હોય, ખાનગી કે વ્યવસાયિક ક્ષેત્ર હોય કે પછી, કેન્દ્ર સરકાર દ્વારા આયોજિક પ્રશાસનિક સેવાઓ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા હોય; આ દરેક સ્થાને સફળતા પ્રાપ્ત કરી પોતાના જ્ઞાન અને કૌશલ્યના બળે આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની 125મી જન્મજયંતિના ઉજવણી વર્ષ દરમ્યાન જ ગુજરાત રાજ્ય સરકારશ્રીએ આ યુનિવર્સિટીને અત્યાધુનિક ‘જ્યોતિર્મય પરિસર’ની ભેટ આપી સ્વર્ણિમ સંકલ્પ પૂર્ણ કર્યો છે. યુનિવર્સિટીના સત્તામંડળ દ્વારા આ ‘જ્યોતિર્મય પરિસર’ ખાતે આગામી શૈક્ષણિક સત્રથી નિયમિત અભ્યાસક્રમો શરૂ કરવા, વિવિધ દૂરવર્તી અભ્યાસક્રમોની પરામર્શન બેઠકોનું આયોજન કરવા, તેમજ વિવિધ પરીક્ષાઓના આયોજન માટેની તક પૂરી પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પહેલથી હવે રાજ્યમાં આવેલ વિવધ અભ્યાસકેન્દ્રો ઉપરાંત યુનિવર્સિટીના ‘જ્યોતિર્મય પરિસર’માં પણ વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનું જ્ઞાન અને માર્ગદર્શન પ્રાપ્ત થશે. આ યુનિવર્સિટી તેમના તમામ દૂરવર્તી શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન સામગ્રી પુસ્તકરૂપે પ્રદાન કરે છે. આ ઉપરાંત પણ, આ અભ્યાસ-સામગ્રી યુનિવર્સિટીની વેબસાઇટ પર વિનામૂલ્યે કોઈપણ જ્ઞાનપિપાસુ માટે ‘OMKAR’ના માધ્યમ દ્વારા ઉપલબ્ધ છે. ગુજરાત રાજ્યના છેવાડાના વિદ્યાર્થીઓને તેમજ વિવિધ ક્ષેત્રે વ્યવસાય કરતા લોકોને આ યુનિવર્સિટી દ્વારા ઉચ્ચ શિક્ષણની સહજ તક પ્રાપ્ત થઈ શકે તે તે હેતુથી યુનિવર્સિટીના ‘જ્યોતિર્મય પરિસર’માં અભ્યાસક્રમ સંબંધિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

‘ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ’ - આ વિચારને અનુલક્ષી રાજ્યની વિવિધ યુનિવર્સિટીમાંથી તથા ઔદ્યોગિક ક્ષેત્રે કાર્યરત વિષયનિષ્ણાંત તજ્જ્ઞશ્રીઓનું માર્ગદર્શન પ્રાપ્ત કરવામાં આવશે. આ શિક્ષારૂપી યજ્ઞમાં જ્ઞાનની આહુતિ સ્વરૂપે ઉત્તમ વિદ્યાસંપુટનું આહ્વાન કરવામાં આવશે, જે દ્વારા આ યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહેશે. આગામી દિવસોમાં આધુનિક તકનીક દ્વારા યુનિવર્સિટી સ્થાપિત સ્વાધ્યાય રેડિયો અને સ્વાધ્યાય ટેલિવિઝનના દૂરવર્તી માધ્યમથી રાજ્યભરના વિદ્યાર્થીઓને ઘરબેઠા શિક્ષણ ઉપલબ્ધ થશે. રાષ્ટ્રનિર્માણમાં પોતાનું મહત્તમ અને શ્રેષ્ઠ યોગદાન આપી શકે તેવા યોગ્ય નાગરિકોનું નિર્માણ કરવું, એ આ યુનિવર્સિટીનો પ્રાથમિક ધ્યેય છે.

આ તબક્કે વિદ્યાર્થીઓને અનુરોધ કરું છું કે, ગૌરવ પ્રાપ્ત કરવા પૂર્ણતા જરૂરી છે અને આ પૂર્ણતા પ્રાપ્ત કરવા **‘स्वाध्यायः परमं तपः’** એટલે કે નિરંતર પુરુષાર્થ કરવો ખૂબ જ જરૂરી છે. પ્રિય વિદ્યાર્થીઓ, આ યુનિવર્સિટી સાથે સંકળાયેલા તમામ અધ્યાપકમિત્રો આપની પડખે ઊભા રહી આપને સતત માર્ગદર્શન પૂરું પાડશે. આ સર્વ તકોનો લાભ મેળવી તથા યોગ્ય પુરુષાર્થ થકી આપ શ્રેષ્ઠ દિશામાં ગતિ કરો એવી શુભેચ્છા.

ભવદીય,

ડૉ. પંકજ એલ. જાની

કુલપતિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ

ભવ્ય રાષ્ટ્ર નિર્માણ....
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ....
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ....

# અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| 1. | આપણી યુનિવર્સિટી | 1 |
| 2. | શિષ્યવૃત્તિ | 7 |
| 3. | શિક્ષણ વિદ્યાશાખા | 8 |
| 4. | સ્પેશ્યલ એજ્યુકેશન બી. એડ્. | 8 |
| 5. | કાર્યક્રમનું માળખું | 11 |
| 6. | સેમેસ્ટર મુજબ કાર્યક્રમનું માળખું અને મૂલ્યાંકન યોજના | 13 |
| 7. | સંપર્ક કાર્યક્રમ | 16 |
| 8. | બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન કાર્યક્રમ માટેની સામાન્ય સૂચના | 20 |
| 9. | અભ્યાસકેન્દ્રોની માહિતી | 25 |

# 1. આપણી યુનિવર્સિટી

## ❖ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ (ACT) ‘ગુજરાત એક્ટ નં. 14’ વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિનાંક 13 એપ્રિલ, 1994 ના રોજ થઈ અને તેનું અમલીકરણ દિનાંક 26 એપ્રિલ, 1994ના રોજ કરવામાં આવ્યું.

## ❒ મુદ્રા – ધ્યાનમંત્ર : અર્થબોધ




મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે ; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે.

સમગ્ર ભાર સ્રોત-સ્વ-ઉપર છે.

**સમગ્ર મુદ્રા**માં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા ‘પરિર્તનશીલતા’ અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે ; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

**‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’** - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

‘સ્વાધ્યાય પરમં તપઃ’ - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ અને ‘જીવનપંથ ઉજાળ’ - બન્ને સૂત્રોમાં એક સહિયારૂં તત્ત્વપ્રકાશ છે ; જે જ્યોત દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

## ❒ યુનિવર્સિટીના ઉદ્દેશો :

- અત્યાધુનિક સંચાર માધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.

- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## ❑ યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ :

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994 થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ / પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઇન-એઇડ કૉલેજો/સરકારી કૉલેજો/ અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ.
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- જીવંત 'ફૉન ઈન રેડિયો કાઉન્સેલિંગ' તથા 'સૅટેલાઈટ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ' દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક ''સ્ટેટ ઑફ ધ આર્ટ'' ચૈતન્ય સ્ટુડીઓ દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી ''સ્વાધ્યાય રેડિયો'' અને ''સ્વાધ્યાય ટેલિવિઝન''નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગ માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- 10 + 2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## ❑ લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10 + 2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ.
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય.
- પરંપપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે એક્ષટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- ધોરણ-12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાળામાં ડિપ્લોમાં કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા.
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા.
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે જેલમાં સજા ભોગવતા કેદીઓ, અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક.

## ❑ સંસ્થાકીય વહીવટી માળખું :

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાં અધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બૉર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકેડેમિક પ્લાનિંગ બૉર્ડ, અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

## ❑ શૈક્ષણિક કાર્યક્રમો (Academic Programmes) :

યુનિવર્સિટી દ્વારા ટૂંકા ગાળાના અને દીર્ઘકાલીન શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો અને પદવી (ડીગ્રી) તેમજ પરંપરાગત અને નવીનીકરણના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. મોટાભાગના અભ્યાસક્રમો આ પ્રકારના અભ્યાસક્રમોની જરૂરિયાતો અંગેનું સર્વેક્ષણ કરીને દાખલ કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુલક્ષીને આપવામાં આવે છે.

- પ્રમાણપત્રો
- કૌશલ્યોની સુધારણા વ્યાવસાયિક લાયકાતો મેળવવી
- નિરંતર શિક્ષણ અને કાર્યસ્થળ માટે વ્યાવસાયિક સજ્જતા
- સ્વસમૃદ્ધિકરણ
- જ્ઞાનનું વૈવિધ્યીકરણ

## ❒ અભ્યાસક્રમ નિર્માણ (Course Preparation) :

વિવિધ સંસ્થાઓમાં અને યુનિવર્સિટીમાંથી આમંત્રિત કરેલા તજજ્ઞો અને આ યુનિવર્સિટીની વિદ્યાશાખાના શૈક્ષણિક તજ્જ્ઞો દ્વારા અધ્યયન સામગ્રીનું નિર્માણ કરવામાં આવે છે. તેનું નિરીક્ષણ અધ્યાપકો એકમ નિર્માતાઓ દ્વારા કરવામાં આવે છે. તદુપરાંત ભાષાના નિષ્ણાતો દ્વારા તે મુદ્રિત થાય તે પહેલાં સંપાદિત કરવામાં આવે છે. તે જ રીતે ઑડિયો-વીડિયો કેસેટ્સ અભ્યાસક્રમના લેખકો, આજ યુનિવર્સિટીના વિષય તજ્જ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ રીતે નિર્માણ પામેલી અધ્યયન સામગ્રીનું પૂર્વ નિરીક્ષણ અને પુનરાવલોકન યુનિવર્સિટીના જે તે વિદ્યાશાખાના તજ્જ્ઞો તેમજ માધ્યમ નિષ્ણાતો દ્વારા કરવામાં આવે છે અને જરૂર જણાય ત્યાં તેનું સંપાદન પરિમાર્જન કરવામાં આવે છે. અભ્યાસકેન્દ્રો, દૂરદર્શન અને આકાશવાણીમાં મોકલતાં પહેલાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

## ❒ અભ્યાસ-વ્યવસ્થા :

ગુણવત્તાસભર અભ્યાસસામગ્રીનું ઘરે બેઠાં અધ્યયન કરનાર વિદ્યાર્થીને ઉચિત માર્ગદર્શન મળી રહે તે હેતુથી પરામર્શન વર્ગોની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોમાં, વિદ્યાર્થી જે કેન્દ્રોમાંથી પ્રવેશ મેળવ્યો હોય તે કેન્દ્રમાં વિવિધ વિષયના તજ્જ્ઞો દ્વારા પરામર્શન થાય છે. તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક થવાથી વિદ્યાર્થી પોતાની મૂંઝવણનો ઉકેલ મેળવી શકે છે. જે વિષયમાં પ્રૅક્ટિકલની જરૂર જણાતી હોય તે વિષયમાં જરૂરી માળખાકીય સુવિધા ધરાવતા કેન્દ્રોમાં પ્રૅક્ટિકલ દ્વારા તાલીમ આપવામાં આવે છે.

- **અભ્યાસ-સામગ્રી :** યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણપદ્ધતિને અનુરૂપ અભ્યાસ-સામગ્રી તૈયાર કરવામાં આવે છે. વિવિધ સંદર્ભગ્રંથોની સહાયથી સરળ પ્રવાહી ભાષામાં તૈયાર થયેલી અભ્યાસ-સામગ્રી દ્વારા ઘેર બેઠાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી પોતાના વિષય-ક્ષેત્રમાં અન્ય પરંપરાગત યુનિવર્સિટીની સમકક્ષ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે તે બાબતની કાળજી રાખવામાં આવે છે.

- **વિવિધ માધ્યોમોનો ઉપયોગ :** વર્ગ વ્યાખ્યાનોના વિકલ્પે નામાંકિત તજ્જ્ઞો દ્વાકા તૈયાર કરાવેલી સ્વ-અધ્યયન માટેની છાપેલી અભ્યાસ-સામગ્રી દરેક વિદ્યાર્થીને આપવામાં આવે છે. વિદ્યાર્થી પોતાની ગતિ, શક્તિ અને અનુકૂળતા મુજબ પોતાની પસંદગીના સમયે અને સ્થળે અભ્યાસ કરી શકે છે. અભ્યાસપૂરક એવી દશ્ય-શ્રાવ્ય સી.ડી./ ડી.વી.ડી. ઉપરાંત સેટેલાઈટ મારફત તથા રેડિયો કાઉન્સેલિંગ આપણી યુનિવર્સિટીમાં અત્યારે ઉપલબ્ધ છે. આમ, યુનિવર્સિટી વિદ્યાર્થીઓને બહુમાધ્યમ શિક્ષણપદ્ધતિની સુવિધા પૂરી પાડે છે.

- **પરામર્શનવર્ગો :** અભ્યાસ - સામગ્રીના અધ્યયનમાં ઉદ્ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા અભ્યાસકેન્દ્રો પર તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી પોતાની જરૂરિયાત મુજબ હાજરી આપી શકે છે.

- **સ્વાધ્યાયકાર્યો :**
  - યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ સિવાયના અભ્યાસક્રમોમાં સતત મૂલ્યાંકન માટે નિયત કરેલ સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના હોય છે.

- સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ પાઠ્યક્રમદીઠ એક-એક સ્વાધ્યાયકાર્યો Tutor Marked Assignment (TMA) તૈયાર કરવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ નિયત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવી તેની રસીદ મેળવવાની રહેશે તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીએ પોતાના અભ્યાક્રમો/પાઠ્યક્રમોના (સર્ટિફિકેટ કોર્સ સિવાયના) સ્વાધ્યાયકાર્યો લખવા ફરજિયાત છે.
- દરેક સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાના છે.
- પોતાના સ્વાધ્યાયકાર્યના ગુણ યુનિવર્સિટીની વેબસાઇટ પર જોઇ શકશો.
- દરેક સ્વાધ્યાયકાર્યો અલગ-અલગ ફુલસ્કેપ બુકમાં તૈયાર કરવા જરૂરી છે.
- દરેક સ્વાધ્યાયકાર્યમાં જવાબ સાથે પ્રશ્ન નંબર લખવો જરૂરી છે.
- જૂના સત્રના વિદ્યાર્થીઓ જે વર્ષના સ્વાધ્યાયકાર્યો લખે તેની સાથે સ્વાધ્યાયકાર્યના પ્રશ્નોની કોપી અવશ્ય મોકલવી.
- સ્વાધ્યાયકાર્યમાં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાયકાર્યોના જવાબો તૈયાર કરવા.
- પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ઉપર આપેલાં સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે પરત મળે છે.

◆ **પ્રાયોગિક કાર્યો :** જે અભ્યાસક્રમમાં પ્રાયોગિકકાર્યો નિર્ધારિત હોય તે માટે જરૂરી સાધન સુવિધા ધરાવતી સંસ્થાઓમાં વ્યવસ્થા ગોઠવવામાં આવે છે .

◆ **પ્રાયોગિકકાર્યો :** જે અભ્યાસક્રમમાં પ્રાયોગિકકાર્યો નિર્ધારિત હોય તે માટે જરૂરી સાધન સુવિધા ધરાવત સંસ્થાઓમાં વ્યવસ્થા ગોઠવવામાં આવે છે .

## ❐ મૂલ્યાંકન પદ્ધતિ

વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકન માટે દૂરવર્તી શિક્ષણપદ્ધતિ અનુસાર નીચે મુજબ ત્રિપાંખિયો અભિગમ અનુસરવામાં આવે છે.

◆ **સ્વ-મૂલ્યાંકન :** અભ્યાસ -સામગ્રીમાં નિયત મુદ્દાઓને અંતે આપેલ 'તમારી પ્રગતિ ચકાસો' દ્વારા વિદ્યાર્થી પોતાનું મૂલ્યાંકન કરતા જઈ અભ્યાસ આગળ ચાલુ રાખી શકે છે.

◆ **સતત મૂલ્યાંકન :** પ્રમાણપત્ર અભ્યાસક્રમ સિવાયના વિદ્યાર્થીઓનું પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો દ્વારા સતત મૂલ્યાંકન થાય છે, જેનો ભારાંક 30% હોય છે.

## ❐ વર્ગાંકન પ્રણાલી (Credit system) :

બી.એડ્. સ્પે. ઍજ્યુકેશન અભ્યાસક્રમમાં 15 કલાકની અધ્યયન પ્રવૃત્તિની 01-ક્રેડિટ હોય છે. ઉદાહરણ તરીકે 04-ક્રેડિટ ધરાવતા અભ્યાસક્રમને 60 કલાક ફાળવવામાં આવે છે. અભ્યાસક્રમનો ભારાંક ક્રેડિટ ગુણની પરિભાષામાં દર્શાવવામાં આવે છે. આનાથી અધ્યેતાને જે તે અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાકીય કામ કરવા પડશે તે સમજવામાં મદદ મળે છે. અભ્યાસ દરમ્યાન સ્વાધ્યાયો પૂર્ણ કરવા, સત્રાંત પરીક્ષામાં અભ્યાસક્રમના બધા વિષયો અને પ્રાયોગિક કાર્યો જાગૃતિપૂર્વક પૂરા કરવા જરૂરી છે.

## ❐ વિદ્યાર્થીસહાય વ્યવસ્થા :

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠ્યક્રમના અભ્યાસમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલ અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય-સેવા વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

### વિદ્યાર્થી સહાય સેલ અને સમિતિઓ

| સેલ / સમિતિ | સંપર્ક |
|---|---|
| એન્ટી રેગીન્ગ કમિટિ | 7434852687 E-mail : digish.vyas@baou.edu.in |
| કમિટિ ફૉર પ્રિનેન્શન ઑફ સેક્સ્યુલ હેરેસમેન્ટ ઍટ વર્ક પ્લેસ | 7434852685 E-mail : sonal.chaudhri@baou.edu.in |
| ગ્રીવન્સ રીડ્રેસલ સેલ | 9978408988 E-mail : hetal.gandhi@baou.edu.in |
| વુમન્સ ડૅવલપમેન્ટ સેલ (WDC) | 7434852684 E-mail : diptiba.gohil@baou.edu.in |
| એસસી / એસટી સેલ | 9909970298 E-mail : sanjay.patel@baou.edu.in |

## ❐ એક સાથે એક કરતાં વધુ અભ્યાસક્રમ :

વિદ્યાર્થી પદવી અભ્યાસક્રમ સાથે એક ડિપ્લોમાં અભ્યાસક્રમ અથવા એક પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે. તેવી જ રીતે બે ડિપ્લોમાં અભ્યાસક્રમ અથવા બે પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં એક સાથે પ્રવેશ મેળવી શકશે.

## ❐ વિદ્યાર્થીઓ માટે વેબસાઈટ ઉપર ઉપલબ્ધ પત્રકો :

1. યુનિ. દ્વારા આયોજિત બી.એડ્.ની પરીક્ષાઓમાં બેસવા માટેનું પરીક્ષા ફોર્મ
2. વિદ્યાર્થીનું નામ-સરનામું, વિષય બદલવા માટેની અરજી
3. પરીક્ષાકેન્દ્ર બદલવાની અરજી
4. ડુપ્લિકેટ ઓળખપત્ર (Identity Card) મેળવવા માટેની અરજી
5. ગુણચકાસણી માટેની અરજી
6. ગૌણ વિષય / ફેકલ્ટી બદલવાની અરજી

# 2. શિષ્યવૃત્તિ

### (અ)અનુસૂચિત જાતિ તથા જનજાતિ પૈકી અતિપછાત જાતિના પ્રવેશાર્થીઓ માટે :

સ્પે. બી.એડ્. અભ્યાસક્રમ વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમાજકલ્યાણ કચેરી દ્વારા શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે. (વાર્ષિક આવક 2,50,000/-ની મર્યાદામાં હોવી જોઇએ)

તેમાં નીચેની જાતિઓનો સમાવેશ થાય છે.

### ❖ અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિઓ :

(1) અનુસૂચિત જાતિના બાવા, વણકર સાધુ.

(2) વાલ્મીકિ, મહેતર, ઓળગણા, રૂખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, કોરાર, ઝાડમલ્લી

(3) ગરો, ગરોડા

(4) નાડિયા, હાડી, સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, સેનમા.

(5) તુરી.

(6) તુરી - બારોટ, ઢેડબારોટ

(7) તીરગર તિરબંદા

(8) થોરી

(9) માતંગ

### ❖ અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિઓ :

(1) કાથોડી

(2) કોટવાળ

(3) સિદ્દી

(4) પઢાર, કોલચા, કોલગા, દુબળા, હળપતિ અને તળાવિયા.

(2) ઉપરોક્ત જાતિના અરજદારોને નિશુલ્કઃ પ્રવેશ મેળવવા માટે અલગ પ્રવેશફોર્મ રાખેલ છે. આવા અરજદારો પાસે અતિપછાત અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે અથવા તેમના જાતિ અંગેના પ્રમાણપત્રમાં ઉપરોક્ત પેટાજાતિના અતિપછાત જાતિ તરીકેનો ઉલ્લેખ કરેલો હોવો જોઈએ. સદર પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજીપત્રક સાથે બીડવી જરૂરી છે.

(3) પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ અભ્યાસક્રમની સરકારશ્રી દ્વારા- શિક્ષણ ફી પેટેની રકમ પ્રાપ્ત થયા બાદ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે. સદર અતિપછાત જાતિના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટેનું નિયત અરજીપત્રક જરૂરી બિડાણ સાથે પ્રવેશપત્રક સાથે આપવાનું રહેશે.

(4) અનુસૂચિત જાતિ- અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ કે જેમની વાર્ષિક આવક રૂપિયા બે લાખ પચાસ હજારથી ઓછી હોય તેઓએ પ્રવેશ ફી ભરવાની રહેશે નહિ. આ માટે પ્રત્યેક વિદ્યાર્થીએ આવકનો દાખલો તથા શિષ્યવૃત્તિનું ફોર્મ ફરજિયાત પ્રવેશપત્ર સાથે બીડવાનું રહેશે. અન્યથા ફી ભરીને પ્રવેશ લેવાનો રહેશે.

# 3. શિક્ષણ વિદ્યાશાખા

(1) પીએચ.ડી. ઍજ્યુકેશન (Ph.D. Education)

(2) બી.એડ્. સ્પે. ઍજ્યુકેશન (B.Ed. Spl. Education)

(3) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ડિસ્ટન્સ ઍજ્યુકેશન (PGDDE)

(4) સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઈંગ્લિશ (CTE)

# 4. સ્પૅશ્યલ ઍજ્યુકેશન બી. એડ્.

**બેચલર ઑફ ઍજ્યુકેશન સ્પૅશ્યલ ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતા અને સંમિલિત શિક્ષણ) (VI/HI/MR) બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશનનાં મુખ્ય કાર્ય નીચેની બાબતોને લગતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે.**

- વ્યવસાય તરીકે શિક્ષણની વ્યવહારક્રિયાના વિવિધ પાસાં.
- વિદ્યામૂલક અભ્યાસના વિષય તરીકે વિશિષ્ટ શિક્ષણની વિવિધ શાખાઓ.
- વિશેષ શિક્ષણનાં ક્ષેત્રોમાંના શિક્ષણ અને તાલીમના કાર્યક્રમો માટે બહુવિધ માધ્યમ સંપુટનો વિકાસ.

**❐ ભાવિ યોજનાઓ :**

ડી.એસ.ઈ. દ્વારા નીચેની બાબતોનું આયોજન છે.

- જેઓ વિશિષ્ટ શિક્ષણનાં ક્ષેત્રમાં હાલમાં કાર્ય કરી જ રહ્યા છે તે વ્યક્તિઓની કુશળતાઓનું સ્તર ઊંચે લઈ જવું.
- જુદી જુદી રીતની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓના પુર્નવસન અને શક્તિસિંચન માટે આંતર-વિદ્યાકીય સંશોધન અને પ્રશિક્ષણ કાર્યક્રમો.
- આર.સી.આઈ. અને બી.એ.ઓ.યુ. વચ્ચે ભવિષ્યમાં ખાસ કરીને બીએડ્. સ્પૅ. ઍજ્યુકેશન અને એના કાર્યક્રમોને વૈશ્વિક સ્તરના બનાવવાને ત્રિપક્ષીય સહમતી ઉપર સહી થયેલી છે.

**રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (આર.સી.આઈ.- ભારતીય પુનર્વસન પરિષદ)**

1992માં સંસદે રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા એકટ પસાર કર્યો. જેની અધિસૂચના બહાર પાડી હતી અને તે જૂન 1993થી અસરકારક બન્યો હતો. આ ધારો આર.સી.આઈ. ઉપર નીચેની અગત્યની જવાબદારીઓ મૂકે છે.

- વિશિષ્ટ શિક્ષણ અથવા દિવ્યાંગજનના પુનર્વસન માટે જરૂરના તમામ વ્યવસાયિકો માટેનાં પાઠ્યક્રમોનું ધોરણીકરણ પુનર્વસન વ્યવસાયિકોના પ્રશિક્ષણ માટેનાં વિષયક્ષેત્ર (કોર્સીસ) ચલાવવા સંસ્થાઓની માન્યતા
- પુનર્વસનના ક્ષેત્રમાંની તમામ લાયકાત ધરાવતી વ્યક્તિઓની કેન્દ્રીય નોંધવહી (સેન્ટ્રલ રજિસ્ટર)ની જાળવણી.

આ ધારો એવી પણ જોગવાઈ કરે છે કે કોઈપણ વ્યક્તિ માન્યતા ધરાવતી લાયકાત પ્રાપ્ત કર્યા વગર વિકલાંગજનોને સેવાઓ પહોંચાડશે તો તેની વિરુદ્ધ પોલીસ અધિકાર (કોગ્નાઈઝેબલ ઑફેન્સ)નો ગુનો દાખલ થશે. છેલ્લા વર્ષોમાં રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ દિવ્યાંગજનો માટે વધુ સારા જીવનની ગુણવત્તા આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (આર.સી.આઈ.) અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (બીએઓયુ)ના સંયુક્ત ઉપક્રમે આ અભ્યાસક્રમનું આયોજન થશે.**

## ❐ પરિભાષા :

બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશનના પાઠ્યક્રમોની પરિભાષા 2008 અને 2014ની યુજીસીની જાહેરાત મુજબ હોવી જોઈએ અને નવી પરિભાષા બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતાનું નામ) જેમ કે દૃષ્ટિક્ષતિ માટે બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન (VI) એટલે કે બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન (વિશિષ્ટ વિકલાંગતા) પરિભાષા થશે.

## ❐ વ્યાપક ઉદ્દેશો :

બી.એડ્. વિશિષ્ટ શિક્ષણના દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ (બી.એડ્. સ્પૅ. ઍજ્યુકેશન) કાર્યક્રમ 21મી સદીમાં તરતમાં આવી રહેલા માહિતી પ્રૌદ્યોગિકી ક્રાંતિ અને વૈશ્વિકરણનાં યુગમાં શિક્ષણનાં બૃહદ્-બોધની અંદર જ વિશિષ્ટ અને સંમિલિત શિક્ષણ માટે વ્યવસાયિકોને વિકસાવવાની નેમ રાખે છે. આ પ્રતીતિ બોધની અંદર જ કહેવાતા દિવ્યાંગજનોને જુદી જુદી રીતે ક્ષમતા ધરાવનાર તરીકે સમજવામાં આવ્યા છે અને શિક્ષણકાર્ય એ કોઈ વ્યવસાય નથી પણ એક ધ્યેય સમર્પિત કાર્ય છે એમ સમજી લેવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવશ્યક જ્ઞાન, સમજ, મનોવલણ અને કુશળતાઓ આત્મસાત કરીને તે મારફતે ઈચ્છુકોને શિક્ષક - વ્યવસાયિકો તરીકે પરિવર્તનના વાહક બનવા શિક્ષણ આપવાની અને તાલીમ આપવાની નેમ રાખે છે. શિક્ષણ અને તાલીમ તેઓને માટે કોઈપણ વિકલાંગ, જુદી રીતે સક્ષમ બાળકમાં સુષુપ્ત બુદ્ધિકૌશલ્યોને બહાર લાવવાનું શક્ય બનાવશે. તેઓનામાં શ્રદ્ધા અને તેવી જ રીતે સ્વતંત્રતાનો ભાવ, આત્મસન્માન અને ગૌરવનો ખ્યાલ વિકસાવશે. માત્ર તેમને સ્વનિર્ભર કરવા માટે જ નહિ, પરંતુ તેઓની સેવાઓનો સમાજ અને રાષ્ટ્રને ફાળો આપવા માટે પણ તેમને તૈયાર કરવામાં આવશે.

## ❐ કાર્યક્રમ ઉદ્દેશો :

બીએઓયુનો આ બી.એડ્. સ્પૅ.ઍજ્યુકેશન કાર્યક્રમ તાલીમાર્થી શિક્ષકોને નીચેના ઉદ્દેશ હાંસલ કરવાનું શક્ય બનાવવાની નેમ રાખે છે.

- ઈન્ફૉર્મેશન ટૅક્નૉલૉજીક્ષેત્રે ક્રાંતિ અને વૈશ્વિકરણના યુગમાં બાળકોને સંમિલિત અને વિશિષ્ટ શાળાઓમાં શિક્ષણ આપીને પ્રવર્તમાન અને નવા ઊભરતા ભારતીય સમાજમાં પરિવર્તનના વાહક તરીકે વિશિષ્ટ રીતે તાલીમ પામેલા વ્યવસાયિકોમાં તેઓની ભૂમિકાનો વ્યાપક પ્રતીતિ - બોધ વિકસાવવો.
- કહેવાતા 'વિકલાંગજન'ને જુદી રીતે ક્ષમતા ધરાવનારા તરીકે સમજવા અને તેઓનામાં સ્વતંત્રતા, આત્મસન્માન અને ગૌરવના ભાવથી સમાજસેવા કરવા માટે તેમનામાં રહેલી સંભાવનાઓ / ક્ષમતાનો વિકાસ કરવો.
- શીખવા આવનાર દિવ્યાંગજનોના જૂથને શિક્ષણ આપવા વ્યવસાયિક કૌશલક્ષમતાઓ વિકસાવવી.
- સંમિલિત / સંકલિત / વિશિષ્ટ શિક્ષણનાં માળખામાં વિકલાંગતા ક્ષેત્ર વિશે શીખનારાઓના વિશિષ્ટ જૂથોનાં શીખવાના અનુભવોને સંયોજિત કરવાની વિવિધ પદ્ધતિઓ અને અભિગમોને જાણવા અને સમજવા.
- શીખવાના અનુભવોની પસંદગી અને કૌશલક્ષમતાઓ વિકસાવવી.
- બાળકોના સ્વભાવ અને તેઓની શીખીને, સમજવાની પ્રક્રિયા સમજવી.
- વિશિષ્ટ તાલીમાર્થીઓની શૈક્ષણિક અને વ્યક્તિગત સમસ્યાઓ હલ કરવાની કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.
- મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓ અને તકનીકો તેમજ તેઓનાં ઉપયોજન વિશે જાણવું અને સમજવું.
- મૂલ્યાંકન કરવાનાં સંસાધનોની પસંદગી, વિકાસ અને ઉપયોગ માટે કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.
- વિવિધ, વિશિષ્ટ અથવા સંમિલિત શાળાનું સંચાલન કરવાની ક્ષમતા વિશે જાણવું, સમજવું અને તેને વિકસાવવી.
- શીખવવા માટેની વિવિધ અને વિદ્યાર્થીપૂરક પ્રવૃત્તિઓનું સંયોજન કરવા કૌશલ ક્ષમતાઓ વિકસાવવી.

## ❐ સમયગાળો :

આ કાર્યક્રમની લઘુત્તમ મુદત 2 ½ વર્ષ (5 સેમેસ્ટર) અને મહત્તમ મુદત 5 વર્ષની છે.

## ❐ શિક્ષણનું માધ્યમ અને પરીક્ષા :

સ્વાધ્યાયની સામગ્રી ગુજરાતીમાં ઉપલબ્ધ થશે.

- અભ્યાસલક્ષી વ્યવહાર અંગ્રેજી / હિન્દી / ગુજરાતીમાં થઈ શકશે.
- પરીક્ષા ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં આપી શકાશે.

## ❐ પ્રવેશ પાત્રતા :

(A) સ્નાતક કક્ષાની પદવીમાં 50 % અથવા વિજ્ઞાન, સમાજવિદ્યા, માનવશાસ્ત્રોમાં અનુસ્નાતક પદવી, ઍન્જિનિયરિંગ અથવા ટૅક્નૉલૉજીમાં વિજ્ઞાન અને ગણિતમાં 55 % ગુણ અથવા તેના જેવી અન્ય લાયકાત કાર્યક્રમમાં પ્રવેશ માટે જરૂરી રહેશે.

(B) SC/ST જાતિના વિદ્યાર્થીઓ માટે 5 % ની છૂટછાટ ગુજરાત રાજ્યના ધારા ધોરણ મુજબ આપવામાં આવશે.

(C) ભારતીય પુનર્વસન પરિષદ (RCI)ના નિયમાનુસાર ગુણવત્તા યાદી (મેરિટલિસ્ટ)માં નીચે પ્રમાણે વિશેષ ગુણભારનો લાભ સંબંધિત ઉમેદવારને મળશે.

(1) વિકલાંગ બાળકનાં માતા-પિતા - 10 ગુણ

(2) વિકલાંગ વ્યક્તિ - 10 ગુણ

(3) RCI માન્ય કોઈ એક લાયકાત ધરાવનાર - 10 ગુણ

**નોંધ :** (1) વિકલાંગતા ધરાવતા બાળકનું પ્રમાણપત્ર રજૂ કરવું.

(2) વિકલાંગ વ્યક્તિએ પોતાનું વિકલાંગતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવું.

(3) RCI માન્ય કોર્સ કર્યા અંગેનું પ્રમાણપત્ર / રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવું.

## ❐ અભ્યાસક્રમ ફી :

<u>પ્રવેશફોર્મ મૂલ્ય : 700/-</u> <u>અભ્યાસક્રમ ફીના રૂા.30,000 પ્રવેશ વખતે આપવા પાત્ર</u>

સમગ્ર અભ્યાસક્રની ફીનું ધોરણ પ્રવેશાર્થીઓ માટે 30,000/- રહેશે. પ્રવેશ પ્રક્રિયા વખતે ઉમેદવારે આ ફી પે-ઇન-સ્લિપથી બેંકમાં ભરવાની રહેશે. પ્રવેશ વખતે પૂરેપૂરી ફી ન ભરનારને પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં.

એક વખત પ્રવેશ લીધા પછી કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.

# 5. અભ્યાસક્રમનું માળખું

દૂરવર્તી શિક્ષણની પદ્ધતિમાં બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશનનો કાર્યક્રમ 26 વિષયક્ષેત્રોનો બનેલો હશે. 19 સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર અને 7 પ્રાયોગિક વિષયક્ષેત્ર. સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષયક્ષેત્રોના ઘટકો નીચે મુજબ જૂથ એ થી જૂથ એફ હેઠળ આપેલાં છે.

❒ **જૂથ એ : અધ્યાપનશાસ્ત્રની પાયાની સૈદ્ધાંતિક સમજ (કોર પેડાગોગી થિયરી કોર્સીસ)**

નીચેના બધા જ (ત્રણ) અધ્યાપનશાસ્ત્ર વિષયક્ષેત્ર ફરજિયાત છે.

| | | | | |
|---|---|---|---|---|
| એસ ઈ સી પી (એ-1) | 01 | - | માનવીય વૃદ્ધિ અને વિકાસ | (સેમેસ્ટર-1) |
| એસ ઈ સી પી (એ-2) | 02 | - | સમકાલીન ભારત અને શિક્ષણ | (સેમેસ્ટર-1) |
| એસ ઈ સી પી (એ-3) | 03 | - | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન | (સેમેસ્ટર-2) |

❒ **જૂથ બી : સામાન્ય સમાવિષ્ટ - આધારિત પદ્ધતિ પ્રણાલી (મેથડોલોજી) સૈદ્ધાંતિક વિષયક્ષેત્રો**

વિદ્યાર્થીઓએ નીચેના બે પેટાજૂથોમાંથી દરેકમાંથી એકની પસંદગી કરીને કોઈપણ બે વિષયક્ષેત્ર અધ્યયન માટે નક્કી કરવાના રહેશે.

**પેટા જૂથ (એ-4)**

**બી - 1 - નીચેનામાંથી કોઈ પણ એક વિષયક્ષેત્ર (સેમેસ્ટર - 2)**

| | | |
|---|---|---|
| એસ ઈ સી એમ | 01 - | વિજ્ઞાનનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 02 - | ગણિતનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 03 - | સમાજવિદ્યાનું શિક્ષણકાર્ય |

**પેટા જૂથ (એ-5)**

**બી - 2 - નીચેનામાંથી કોઈ પણ એક વિષયક્ષેત્ર (સેમેસ્ટર - 3)**

| | | |
|---|---|---|
| એસ ઈ સી એમ | 04 - | હિન્દીનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 05 - | અંગ્રેજીનું શિક્ષણકાર્ય |
| એસ ઈ સી એમ | 06 - | ગુજરાતીનું શિક્ષણકાર્ય |

❒ **જૂથ સી - ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ (ફરજિયાત)**

| | | | | |
|---|---|---|---|---|
| એસ ઈ સી ડી (બી-6) | 01 | - | સંમિલિત શિક્ષણ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ સી ડી (બી-7) | 02 | - | સંવેદનાત્મક વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |
| એસ ઈ સી ડી (બી-8) | 03 | - | જ્ઞાનતંતુની વિકાસાત્મક વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |
| એસ ઈ સી ડી (બી-9) | 04 | - | લોકોમોટર અને બહુવિધ વિકલાંગતાનો પરિચય | (સેમેસ્ટર - 1) |

## ❐ જૂથ ડી - કૌશલ્ય આધારિત વૈકલ્પિક અભ્યાસક્રમ

**બી - 10 - ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ (સેમેસ્ટ-4)**

નીચેનામાંથી કોઇપણ એકની પસંદગી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| એસ ઈ એસ બી (બી-10) | એ - | સલાહ અને માર્ગદર્શન |
| એસ ઈ એસ બી (બી-10) | બી - | સમુદાય આધારિત પુનર્વસન |
| એસ ઈ એસ બી (બી-10) | સી - | વર્ગખંડમાં ICTનો ઉપયોગ |

**બી - 11 - વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર (સેમેસ્ટ-5)**

વિદ્યાર્થીઓએ વિકલાંગતા ક્ષેત્ર મુજબ કોઇપણ એકની પસંદગી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| એસ ઈ એસ બી (બી-11) | એ - | આકલન અને હલનચલન (દ્દષ્ટિક્ષતિ) |
| એસ ઈ એસ બી (બી-11) | બી - | પ્રત્યાયનના વિકલ્પો : મૌખિકીકરણ (શ્રવણક્ષતિ) |
| એસ ઈ એસ બી (બી-11) | સી - | શીખવાની અક્ષમતાનું સંચાલન (માનસિકક્ષતિ) |

## ❐ જૂથ - ઈ - વિકલાંગતા ક્ષેત્રોમાં વિશિષ્ટીકૃત સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર (ફરજિયાત)

પસંદગી કરીને અધ્યયન માટે નક્કી કરવા નીચેના વિશિષ્ટીકૃત પ્રવાહો (પેટા જૂથ - ઈ-1, ઈ-2 અથવા ઈ-3 માંથી કોઈપણ એક પ્રાપ્ય થશે.)

**વિશિષ્ટતા પેટા જૂથ (ઈ - 1) દ્દષ્ટિક્ષતિ (VI)**

| | | |
|---|---|---|
| એસ ઈ એસ વી (સી-12) | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ વી (સી-13) | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને શિક્ષણ વિસ્તૃત અભ્યાસક્રમ માટે વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ વી (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ વી (સી-15) | ટૅક્નૉલૉજી અને ક્ષતિ | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ એસ વી (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક બાબતો | (સેમેસ્ટર - 4) |

**પેટા જૂથ (ઈ - 2) શ્રવણક્ષતિ (HI)**

| | | |
|---|---|---|
| એસ ઈ એસ એચ (સી-12) | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ એચ (સી-13) | અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એચ (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એચ (સી-15) | ટૅક્નૉલૉજી અને ક્ષતિ | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ એસ એચ (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક બાબતો | (સેમેસ્ટર - 4) |

**પેટા જૂથ (ઈ - 3) માનસિક ક્ષતિ (MR)**

| | | |
|---|---|---|
| એસ ઈ એસ એમ (સી-12) | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | (સેમેસ્ટર - 2) |
| એસ ઈ એસ એમ (સી-13) | અભ્યાસક્રમની રૂપરેખા, રૂપાંતરણ અને મૂલ્યાંકન | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એમ (સી-14) | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | (સેમેસ્ટર - 3) |
| એસ ઈ એસ એમ (સી-15) | ટેક્નૉલૉજી અને ક્ષતિ | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ એસ એમ (સી-16) | મનોસામાજિક અને કૌટુંબિક બાબતો | (સેમેસ્ટર - 4) |

❑ **જૂથ એફ - વ્યવસાયિક ક્ષમતાઓની વૃદ્ધિ (ફરજિયાત)**

| | | |
|---|---|---|
| એસ ઈ પી સી (ડી-17) | વાંચન અને તેની લેખિત અભિવ્યક્તિ | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ પી સી (ડી-18) | શિક્ષણમાં નાટ્ય અને કલા | (સેમેસ્ટર - 4) |
| એસ ઈ પી સી (ડી-19) | સંશોધન અને આંકડાશાસ્ત્રના પાયાનો અભ્યાસ | (સેમેસ્ટર - 5) |

# 6. સેમેસ્ટર મુજબ અભ્યાસક્રમનું માળખું અને મૂલ્યાંકન યોજના

**સેમેસ્ટર - 1**

| ક્રમ | વિષય ક્ષેત્ર સંકેત સંજ્ઞા | પરીક્ષા સંકેત | વિષયક્ષેત્રનું નામ | ક્રેડિટ | અધ્યયન કલાક | સતત મૂલ્યાંકન | સત્રાંત પરીક્ષા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | એસઈસીપી-01 | એ-1 | માનવીય વૃદ્ધિ અને વિકાસ | 4 | 60 | 20 | 80 | 100 |
| 2. | એસઈસીપી-02 | એ-2 | સમકાલીન ભારત અને શિક્ષણ | 4 | 60 | 20 | 80 | 100 |
| 3. | એસઈસીડી-02 | બી-7 | સંવેદનાત્મક વિકલાંગતાનો | 2 | 30 | 10 | 40 | 50 |
| 4. | એસઈસીડી-03 | બી-8 | જ્ઞાનતંતુની વિકાસાત્મક વિકલાંગતાનો પરિચય | 2 | 30 | 10 | 40 | 50 |
| 5. | એસઈસીડી-04 | બી-9 | લોકોમોટર અને બહુવિધ વિકલાંગતાનો પરિચય | 2 | 30 | 10 | 40 | 50 |
| 6. | એસઈસીડી-02 | ઈ-1(એ) પ્રૅક્ટિકલ | ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ | 2 | 60 | - | - | 50 |
| | | | | 16 | 270 | 70 | 280 | 400 |

## સેમેસ્ટર - 2

| ક્રમ | વિષય ક્ષેત્ર સંકેત સંજ્ઞા | પરીક્ષા સંકેત | વિષયક્ષેત્રનું નામ | ક્રેડિટ | અધ્યયન કલાક | સતત મૂલ્યાંકન | સત્રાંત પરીક્ષા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | એસઇસીપી-03 | એ-3 | અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન | 4 | 60 | 20 | 80 | 100 |
| 2. | એસઇસીએમ 1-2-3 | એ-4 | વિજ્ઞાન, ગણિત અને સમાજવિદ્યા | 4 | 60 | 20 | 80 | 100 |
| 3. | એસઈસીડી-01 | બી-6 | સંમિલિત શિક્ષણ | 2 | 30 | 10 | 40 | 50 |
| 4. | એસઇએસવી/એચ/એમ (VI/HI/MR) | સી-12 | આકારણી અને જરૂરિયાતોની ઓળખ | 4 | 60 | 20 | 80 | 100 |
| 5. | એસઇડીએસ-01 | ઇ-2(1) પ્રૅક્ટિકલ | વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર | 2 | 60 | - | - | 50 |
| | | | | 16 | 270 | 70 | 280 | 400 |

## સેમેસ્ટર - 3

| ક્રમ | વિષય ક્ષેત્ર સંકેત સંજ્ઞા | પરીક્ષા સંકેત | વિષયક્ષેત્રનું નામ | ક્રેડિટ | અધ્યયન કલાક | સતત મૂલ્યાંકન | સત્રાંત પરીક્ષા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | એસઇસીએમ 4,5,6 | એ-5 | હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી | 4 | 60 | 20 | 80 | 100 |
| 2. | એસઇએસવી/એચ/એમ (VI/HI/MR) | સી-13 | (VI) અભ્યાસક્રમ, રૂપાંતરણ અને શિક્ષણ વિસ્તૃત અભ્યાસક્રમ માટે વ્યૂહરચના<br>(HI) અભ્યાસક્રમ, રૂપાંતરણ અને મૂલ્યાંકન<br>(MR) અભ્યાસક્રમની રૂપરેખા, રૂપાંતરણ અને મૂલ્યાંકન | 4 | 60 | 20 | 80 | 100 |
| 3. | એસઇએસવી/એચ/એમ (VI/HI/MR) | સી-14 | હસ્તક્ષેપ અને શિક્ષણ વ્યૂહરચના | 4 | 60 | 20 | 80 | 100 |
| 4. | એસઇડીએસ-02 (VI/HI/MR) | ઇ-2(2) પ્રૅક્ટિકલ | વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર | 4 | 120 | - | - | 100 |
| | | | | 16 | 300 | 60 | 240 | 400 |

## સેમેસ્ટર - 4

| ક્રમ | વિષય ક્ષેત્ર સંકેત સંજ્ઞા | પરીક્ષા સંકેત | વિષયક્ષેત્રનું નામ | ક્રેડિટ | અધ્યયન કલાક | સતત મૂલ્યાંકન | સત્રાંત પરીક્ષા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | એસઇએસબી-05 (GC/CBR/ICT) | બી-10 | ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ | 4 | 60 | 20 | 80 | 100 |
| 2. | એસઇએસવી/એચ/એમ (VI/HI/MR) | સી-15 | (VI) ટેક્નૉલૉજી અને ક્ષતિ<br>(HI) ટેક્નૉલૉજી અને ક્ષતિ<br>(MR) ટેક્નૉલૉજી અને ક્ષતિ | 4 | 60 | 20 | 80 | 100 |
| 3. | એસઇએસવી/એચ/એમ (VI/HI/MR) | સી-16 | મનો-સામાજિક અને કૌટુંબિક સમસ્યાઓ | 2 | 30 | 10 | 40 | 50 |
| 4. | એસઇડીએસએસ(એ) (VI/HI/MR) | એફ-1 પ્રૅક્ટિકલ | મુખ્ય વિકલાંગતામાં વિશિષ્ટ શાળામાં પ્રૅક્ટિકલ | 2 | 30 | 10 | 40 | 50 |
| 5. | એસઇઇપીસી (RRT-01) | ડી-17 | વાંચન અને તેની લેખિત અભિવ્યક્તિ | 2 | 30 | 10 | 40 | 50 |
| 6. | એસઇઇપીસી (DAE-02) | ડી-18 | શિક્ષણમાં નાટ્ય અને કલા | 2 | 60 | - | - | 50 |
| | | | | 16 | 270 | 70 | 280 | 400 |

## સેમેસ્ટર - 5

| ક્રમ | વિષય ક્ષેત્ર સંકેત સંજ્ઞા | પરીક્ષા સંકેત | વિષયક્ષેત્રનું નામ | ક્રેડિટ | અધ્યયન કલાક | સતત મૂલ્યાંકન | સત્રાંત પરીક્ષા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | એસઇડીએસ - 06 | બી-11 | વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્ર | 2 | 30 | 10 | 40 | 50 |
| 2. | એસઇઇપીસી-03 (બી.આર.) | ડી-19 | સંશોધન અને આંકડાશાસ્ત્રનો પાયાનો અભ્યાસ | 2 | 30 | 10 | 40 | 50 |
| 3. | એસઇસીડી | ઇ-1(બી) પ્રૅક્ટિકલ | ક્રોસ ડીસેબિલિટી અને સંમિલિત શિક્ષણ | 4 | 120 | - | - | 100 |
| 4. | એસઇડીએસએસ(બી) (VI/HI/MR) (ODS) | એફ-2 પ્રૅક્ટિકલ | અન્ય વિકલાંગતામાં વિશિષ્ટ શાળામાં પ્રૅક્ટિકલ | 4 | 120 | - | - | 100 |
| 5. | એસઇઆઇએસ (VI/HI/MR) | એફ-3 પ્રૅક્ટિકલ | સંમિલિત શાળામાં પ્રૅક્ટિકલ | 4 | 120 | - | - | 100 |
| | | | | 16 | 420 | 20 | 80 | 400 |

# 7. સંપર્ક કાર્યસત્ર

જે ઉમેદવારની બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન પ્રૉજેક્ટ વર્ક પ્રવેશ માટે પસંદગી કરવામાં આવી હોય તેમણે પોતાના અભ્યાસકેન્દ્રમાં પ્રવેશની નોંધણી અને પ્રવેશાર્થી પ્રવેશદાતા પરસ્પર પરિચય, સ્વાધ્યાયની સામગ્રીઓ અને પ્રત્યક્ષ સંપર્કના કાર્યક્રમો મેળવવા માટે રૂબરૂમાં હાજર થવાનું રહેશે. અભ્યાસકેન્દ્રનાં સંકલનકર્તા (કૉઓર્ડીનેટર) તરફથી પરેપૂરા શૈક્ષણિક કાર્યસત્ર માટે પ્રત્યક્ષ સંપર્ક કાર્યક્રમોની પ્રવૃત્તિઓનું કેલેન્ડર પૂરું પાડવામાં આવશે. કાર્યસોંપણી અને પ્રૉજેક્ટ વર્ક કાર્યની ફાળવણી સહિત બન્ને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક વિષય ક્ષેત્રોના દરેક કાર્યસત્રનું તેમજ કસોટીઓનું કાર્યક્રમ સમયપત્રક અભ્યાસકેન્દ્રના સંકલનકર્તા નક્કી કરશે અને ઉમેદવારોને તે ઉપલબ્ધ કરાવશે.

**સંપર્ક કાર્યસત્રનું સમયપત્રક**

| | ઘટકો | કામના કલાકો | સેમેસ્ટર 1 | સેમેસ્ટર 2 | સેમેસ્ટર 3 | સેમેસ્ટર 4 | સેમેસ્ટર 5 |
|---|---|---|---|---|---|---|---|
| 1. | **સામાન્ય પ્રવેશાર્થી પ્રવેશદાતા પરસ્પરસ પરિચય અને ઓપ તાલીમ** | 25 | 5 | 5 | 5 | 5 | 6 |
| 2. | **જૂથ એ થી એફ સૈદ્ધાંતિક વિષય ક્ષેત્રોનો પરિચય**- ચર્ચાસ્પષ્ટીકરણ અને કાર્યસોંપણીની ફાળવણી પ્રાયોગિક હાર્દસમાન તાલીમ<br>1. શિક્ષણકાર્ય પ્રૅક્ટિકલમાં મહત્ત્વની તાલીમ<br>2. કાર્યાનુભવ હુન્નર / કળા શિક્ષણ<br>3. મનોવિજ્ઞાન પ્રાયોગિક કાર્ય<br>4. સહઅભ્યાસ અને બાહ્ય અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ<br>5. કમ્પ્યૂટરની પાયાની તાલીમ | 35 | 7 | 7 | 7 | 7 | 7 |
| 3. | **મૂળભૂત પાયો :** અનુકૂલન કુશળતાઓ અને સહાયક સાધનો-ઉપકરણ વિશિષ્ટીકરણ | 30 | - | 15 | 5 | 5 | 5 |

| | ઘટકો | કામના કલાકો | સેમેસ્ટર 1 | સેમેસ્ટર 2 | સેમેસ્ટર 3 | સેમેસ્ટર 4 | સેમેસ્ટર 5 |
|---|---|---|---|---|---|---|---|
| 5. | **બિનવિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય** એસઈટીજી-01 (વિજ્ઞાન,ગણિત સામાજિક વિજ્ઞાન) શિક્ષણ કાર્ય (પ્રેક્ટિકલ) એસઈટીજી- 02 (હિન્દી, અંગ્રેજી, ગુજરાતી ભાષા) શિક્ષણકાર્ય | 10 | | 5 | 5 | - | - |
| | **વિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય એસઈટીબી-01** સંમિલિત શાળામાં વિશેષ શિક્ષણમાં શિક્ષણકાર્ય (પ્રૅક્ટિકલ) એસઈટીવી/એચ/ એમ-01 વિશિષ્ટ વિકલાંગતા ક્ષેત્રમાં શિક્ષણકાર્ય (પ્રૅક્ટિકલ) | 40 | 6 | 6 | 6 | 6 | 16 |
| | | 140 | 18 | 38 | 28 | 23 | 33 |

## ❒ સ્વાધ્યાયની છાપેલી સામગ્રી

સૈદ્ધાંતિક વિષયક્ષેત્રમાં સમાવેશ થતી સ્વાધ્યાયની છાપેલી સામગ્રી ઘટકોનાં સ્વરૂપમાં અને પ્રાયોગિકમાં સમાવેશ થતી સ્વાધ્યાયની છાપેલી સામગ્રી નિયમ પુસ્તિકાઓના સ્વરૂપમાં પૂરી પાડવામાં આવશે.

## ❒ શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો

શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો પૂરક છે અને તે સ્પષ્ટીકરણ અને સમજવાના મહત્ત્વના ઉપકરણો તરીકે છે. આનો ઉપયોગ સંપર્ક કાર્યસત્રો દરમિયાન જ્યારે જ્યારે આવશ્યક હશે ત્યારે કરવામાં આવશે.

## ❒ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્ક અહેવાલ

આ પહેલાં દર્શાવવામાં આવેલું છે કે દરેક સૈદ્ધાંતિક વિષયક્ષેત્ર માટે ઍસાઈન્મૅન્ટ હશે. આ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્ક અહેવાલ સંપૂર્ણ કર્યા પછી નિયત કરેલ સમયમર્યાદામાં અભ્યાસ કેન્દ્રને સુપરત કરવાના રહેશે. સમયમર્યાદા પછી સોંપવામાં આવેલ ઍસાઈન્મૅન્ટ અને પ્રૉજેક્ટ વર્કને ક્રેડિટ નહીં મળે.

સંપર્કસત્રો દરમિયાન સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કસોટીઓ લેવામાં આવશે.

## ❒ સેમેસ્ટરની સત્રાંત પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા

બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશનમાં નોંધાયેલ દરેક વિદ્યાર્થી દર છ (6) મહિને પરીક્ષામાં નીચેની શરતોને આધીન બેસવાને પાત્ર રહેશે.

1. વિદ્યાર્થીએ અભ્યાસકેન્દ્રમાં યોજેલા નિયત કરેલ સંપર્ક વર્ગોના ઓછામાં ઓછા 80 % હાજરી આપેલ હોય.
2. કાર્યક્રમ માટેની તમામ આવશ્યકતાઓ પરિપૂર્ણ કરેલ હોય.
   - બિન - વિકલાંગતા ક્ષેત્ર અને વિકલાંગતા ક્ષેત્ર એ બંનેમાં પ્રાયોગિક તાલીમ લીધી હોય.
   - નિયત કરેલ સંખ્યામાં ઍસાઈન્મૅન્ટ પૂરાં કરેલ હોય અને કેન્દ્ર પર જમા કરાવેલ હોય.
   - સંપર્ક કાર્યક્ષેત્રો દરમિયાન લેવામાં આવેલી સૈદ્ધાંતિક અને પ્રાયોગિક કસોટીઓમાં સક્રિયતા.
   - પ્રૉજેક્ટ વર્ક સંપન્ન કરેલ હોય અને અહેવાલ સુપરત કરવામાં આવેલ હોય.
   - બે સ્વૈચ્છિક શાળા વિષયોમાં અને પસંદ કરેલા વિકલાંગતા ક્ષેત્રમાં નિયત કરેલી સંખ્યાના ટીચિંગ પ્રૅક્ટિસ - પાઠ પૂરા કરેલ હોય.
3. વિદ્યાર્થીએ અભ્યાસકેન્દ્ર પર ગેરશિસ્તનું કૃત્ય કર્યું ન હોવું જોઈએ.
4. ઉપરની નિયત થયેલી શરતો પૂર્ણ કરેલ હોય તે વિદ્યાર્થીઓને જ પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવાનું શક્ય બનશે.
5. વિદ્યાર્થીઓએ પોતાના ઓળખપત્ર અભ્યાસકેન્દ્ર પરથી મેળવી લેવાના રહેશે.

## ❐ પરીક્ષા તારીખ

કાર્યક્રમ આવશ્યકતાઓ પૂર્ણ થયા પછી વિશ્વવિદ્યાલય દર સેમેસ્ટરના અંતે પરીક્ષાઓની તારીખ જાહેર કરશે.

### સફળ ઉમેદવારોનું વર્ગીકરણ

| Letter Grade | Qualitative Level | Grade Point Average | Percentage Equivalent | Classification of Final Result |
|---|---|---|---|---|
| O | Outstanding | 8.5-10.00 | Above 85 (85-100) | First Class with |
| A+ | Excellent | 7.0-8.49 | 70.00-84.99 | Distinction |
| A | Very Good | 6.0-6.99 | 60.00- 69.99 | First Class |
| B+ | Good | 5.5-5.99 | 55.00-59.99 | Higher Secnond Class |
| B | Fair/ | 5.0-5.49 | 50.00- 54.99 | Second Clss |
| C | Satisfactory | 4.0-4.99 | 40.00- 49.99 | Pass Class |
| D | Dropped/Fail | Below 4.0 | Below 40 | Droped? |

## ❐ અસફળ ઉમેદવારો માટે જોગવાઈ

જે ઉમેદવારોને નાપાસ જાહેર કરવામાં આવ્યા હોય તેઓએ તેના જે વિષયક્ષેત્રોના ઘટકો (કંપોનન્ટસ)માં નાપાસ થયા હોય તે બધામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે. પરંતુ સમગ્ર કોષનો સમયગાળો વીતી ગયા પછી વિદ્યાર્થીઓએ નવેસરથી પ્રવેશ મેળવવાનો રહેશે અને કોઈ પણ ક્રેડિટ આગળ ખેંચવામાં આવશે નહિ.

## ❑ રિ - ચેકિંગ

ઉમેદવાર પરિણામની જાહેરાત પછી ત્રીસ દિવસની અંદર જ નિયત કરેલા નમૂનાપત્રકમાં કાર્યક્રમનાં વધુમાં વધુ બે વિષયક્ષેત્રોમાં રિ-ચેકિંગ માટે અરજી કરી શકે છે.

## ❑ વધારાના વિશિષ્ટીકરણ માટે લાયકાત પ્રાપ્ત કરવી.

આ કાર્યક્રમમાં એક નિશ્ચિત વિશિષ્ટીકૃત ક્ષેત્રમાં સફળ થયેલા ઉમેદવારને વધારાના વિશિષ્ટીકરણો માટે પરવાનગી આપવામાં આવશે અને કોઈ એક વધારાનું વિશિષ્ટીકરણ મેળવવા માટે ઉમેદવારે લઘુત્તમ બધાં મળીને એકંદર કુલના 50 % સાથે જરૂરી વિશિષ્ટીકૃત કાર્યક્રમ પાસ કરવા માટેની તમામ આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવાની રહેશે.

## ❑ નોંધાયેલ વ્યવસાયિક શિક્ષક તરીકે આર.સી.આઈ. પ્રમાણપત્રીકરણ :

આ બી.એડ્. સ્પૅશ્યલ ઍજ્યુકેશન કાર્યક્રમ જે બીએઓયુ અને આર.સી.આઈ. દ્વારા સંયુક્ત રીતે ઘડવામાં આવ્યો છે તે તેના સફળ ઉમેદવારો માટે વિશિષ્ટ શિક્ષણનાં ક્ષેત્રમાં કાર્ય કરવાને રિહેબિલિટેશન કાઉન્સિલ ઑફ ઈન્ડિયા પાસેથી નોંધાયેલ વ્યવસાયિક પ્રમાણપત્ર (રજિસ્ટર્ડ પ્રોફેશનલ સર્ટિફિકેટ) મેળવવાનું શક્ય બનાવશે. આ માટે વિદ્યાર્થીઓએ આર.સી.આઈને સીધી અરજી કરવાની રહેશે.

**અધિ સૂચના**

